# હિંમતનગરમાં પાટીદારોની વિશાળ એકતા યાત્રા અને મહાસભા યોજાઈ

હિંમતનગર, તા. ૯

સવર્ણો માટે ૧૦ટકા ઈસીબી અનામતની જાહેરાત કર્યા પછી પાટીદાર આંદોલન શાંત પડી જશે તેવું માનતી રાજયની ભાજપ સરકારની મનસા પર પાણી ફરી વળ્યું છે. ઈબીસીને લોલીપોપ ગણાવી પાટીદારોએ સોમવારે અખાત્રીજના દિવસે સાબરકાંઠાના હિંમતનગરથી અનામત આંદોલનનું રણશિંગુ ફૂંક્યું છે. જેમાં પાટીદારોએ ઓબીસી અનામત નહિ મળે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાનો લલકાર કર્યો છે. પાસના કન્વીનર લલીત વસોયાએ ભાજપ અને કોંગ્રેસને ગર્ભિત ચેતવણીના સૂરમાં જણાવ્યું કે, જે પાર્ટી પાટીદાર સમાજની સાથે રહેશે તેની સાથે પાટીદારો રહેશે. તેમણે એમ પણ કહ્યું કે, આગામી ૨૫મી ઓગસ્ટે અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડમાં ૨૫ લાખથી વધુ પાટીદારો ભેગા થઈ ફરી એકવાર ઈતિહાસ દોહરાવશે. આંદોલન ૨૦૧૭ માટે નહિ પણ અનામત માટે છે અને તે તો કોંગ્રેસ, ભાજપ કે આપ અમે તો બધાનાય બાપ છીએ. અનામત તો લઈને જ રહીશુ.

સાબરકાંઠા પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા સોમવારે હિંમતનગરમાં પાટીદાર એકતા યાત્રા યોજાઈ હતી. જેમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના પાટીદારોના તમામ ૧૮ ગોળના લોકોએ ભાગ લઈ એકતાનો પરિચય આપ્યો હતો. ભારે ઉત્તેજનાપૂર્ણ અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ઉમિયા માતાજીના રથ સાથે એકતા યાત્રા સવારે ૧૦ કલાકે મોડાસીયા કડવા પાટીદાર સમાજવાડીથી નીકળી મહાવીરનગર ચાર રસ્તા પેલેસ રોડ થઈ હરસિદ્ધ સોસાયટીના નાકે પૂર્ણ થઈ હતી. પાટીદાર સમાજના અગ્રણી એનઆરઆઈ અને ભાજપના સી.કે. પટેલના અધ્યક્ષ સ્થાને પાટીદાર મહાસભા યોજાઈ હતી. મહાસભાને સંબોધતા સી.કે. પટેલે જણાવ્યું કે, પાટીદાર સમાજ ગુજરાત અને ભારતની જીવાદોરી છે. આ સમાજની અવગણના કોઈ પણ વ્યક્તિ અને પાર્ટીને ભારે પડી શકે છે.

પાટીદારોએ જ ભાજપને ૨૫ વર્ષથી ખભે બેસાડી પંચાયતથી પાર્લામેન્ટ સુધી પહોંચાડ્યો છે. હાલમાં ગુજરાતમાં ભાજપની સરકાર છે એટલે અમારે લડવું પડે છે. અમે ભાજપ સરકારની વિરૂદ્ધમાં નથી, કોંગ્રસવાળા ગમતા નથી, પણ લડાઈ જેની સામે હોય તેની સામે બોલવું જ પડે. અનામત આપનો હક છે અને તે લઈને જ રહીશુ. પાસના મહિલા કન્વીનર રેશમા પટેલે જણાવ્યું હતું કે ઓબીસી આરક્ષણ એ જ પાટીદારોની માંગ છે. સરકાર પાટીદારોની એકતાથી ગભરાઈ ગઈ છે એટલે હાર્દિક સહિતના આગેવાનો સામે રાષ્ટ્રદ્રોહ તેમજ લાલજી પટેલ સહિત ૧૪૨ની વિરૂદ્ધમાં ખૂનની કોશિશ સહિતની ૧૮ પ્રકારની ગંભીર કલમો લગાવી છે પણ હવે પાટીદારો જેલથી ડરતા નથી. તિહાડથી મોટી કોઈ જેલ નથી અને રાષ્ટ્રદ્રોહથી મોટી કોઈ કલમ નથી.

હવે અનામતનો હક આંદોલનથી મેળવીને જ રહીશુ. પ્રારંભે સાબરકાંઠાના પાસના કન્વીનર રવિ પટેલે સંબોધન કર્યું હતું. સભામાં શહીદ પાટીદાર યુવાનોને બે મિનિટ મૌન પાળી અંજલી અપાઈ હતી. આ એકતા યાત્રામાં પાટીદાર સમાજના અગ્રણીઓ ડૉ. ચીમનભાઈ પટેલ, ડાહ્યાભાઈ પટેલ, માજી ધારાસભ્ય નાથાલાલ પટેલ, એમ.આઈ. પટેલ વગેરે હાજર રહ્યા હતા. આ યાત્રામાં પાસના સૌરાષ્ટ્રના કન્વીનર લલીત વસોયા, બોટાદના પાસ કન્વીનર દિલીપ સાબવા, સુરતના પાસ કન્વીનર નિખિલ સવાણી હાજર રહ્યા હતા.

ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ



'હાલો મારા કાળીયા ને હાલો મારા ધોળીયા...' બાળપણમાં આ કવિતા ભણતા કંટાળો આવ્યો હશે, પરન્તુ ગઈકાલે અખત્રીજે ગાંધીનગર - દહેગામ માર્ગ પર મગોડી નજીકના એક ખેતરમાં આ દ્રશ્ય મનભરીને માણ્યું ત્યારે કંટાળાભર્યું જીવન જાણે કવિતા થઈ ગયું...! અક્ષય તૃતીયા એટલે કે અખત્રીજ એટલે નવી વાવણીની શરુઆત. જગતનો તાત કંકુ - ચોખાથી હળ અને બળદોની પૂજા કરે અને પછી શણગારીને ખેતરમાં લઈ જાય. ખેતરના ઉત્તર ખૂણામાં પાણી છાંટી, અબીલ - ગુલાલ - પુષ્પોથી ભૂમિની પૂજા કરે. ધરતી માતાને નમન કરીને કાળીયા - ધોળીયાને હળે જોડીને મુહૂર્તના પાંચ ચાસ પાડે. માટીના પાંચ ઢેફાંની આડશ કરીને ત્યાં દીવો પ્રગટાવી પ્રસાદીનો રોટલો ધરાવે. લાપસીના આંધણ મુકાય અને આમ ખેતી કામની શરૂઆત થાય છે... આપણા શહેરો અને સમાચારપત્રોમાં અખાત્રીજ એટલે ગાડી, ઘર અને ઘરેણાંની ખરીદીનો દિવસ માત્ર...! વાર - તહેવારોનું વ્યવસાયીકરણ કરવાની હોડમાં હળના ચાસ આપણે ચુકી રહ્યા છીએ... હાલો મારા કાળીયા ને હાલો મારા ધોળીયા...

# ડીસાના પીઢ કોંગ્રેસી રાજનેતા દોલતભાઈ પરમાનો નશ્વરદેહ પંચમહાભૂતમાં વિલીન

ડીસા, તા. ૯

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના પૂર્વ ધારાસભ્ય તથા રાજ્યમાં કોંગ્રેસની સરકાર વખતે કેબિનેટ મંત્રી રહી ચૂકેલા દોલતભાઈ પરમારનું આજે નિધન થયું છે. દોલતભાઈ પરમારના નિધનથી રાજય અને જિલ્લા કોંગ્રેસમાં શોકની લહેર વ્યાપી ગઈ છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં એક માત્ર પીઢ અને પ્રમાણિક દલિત નેતાની ચીરવિદાયથી દલિત સમાજ શોકાતુર બન્યો છે.





કોંગ્રેસના પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી અને ગુજરાત સરકારના કોંગ્રેસના જે તે સમયના મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી અને અમરસિંહ ચૌધરીનાં નજીકના ગણાતા તેમજ વડગામ બેઠક પર ચાર વખત જ્યારે વાવ બેઠક પરથી એક વખત થઈ કુલ પાંચ વખત ધારાસભ્ય રહેલા પીઢ કોંગ્રેસી નેતા દોલતભાઈ પરમારનું આજે નિધન થયેલ છે. આજે વહેલી સવારે ૫ વાગ્યે પૂર્વ મંત્રી દોલતભાઈ પરમારે અંતિમ શ્વાસ લીધા હતા. બ્રેઈનસ્ટ્રોકના કારણે તેમનું નિધન થયું હતું. છેલ્લી રાજકીય કારકિર્દીમાં દોલતબાઈ ૨૦૦૨ થી ૨૦૦૭ સુધી વડગામના ધારાસભ્ય રહ્યા હતા. ડીસામાં તેમને સાક્ષરતા ને વેગ આપવા ખાસ જાગૃતિ શિક્ષણ સંસ્થાની શરૂઆત કરી હતી. જે ખાસ દલિતો અને શ્રમજીવીઓનાં બાળકો માટે આશીર્વાદ રૂપ બની છે. તેમની ચીરવિદાય થતા તેમની અંતિમ યાત્રા આજરોજ તેમના નિવાસસ્થાન ડીસાથી બપોરે બે વાગ્યે નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો તેમના અંતિમ દર્શને આવ્યા હતા. સ્વર્ગસ્થ દોલતભાઈ પરમારને ડીસા વાડીરોડ ખાતેના સ્મશાન ગૃહ ખાતે અગ્નિદાહ અપાયો હતો. જ્યામ મોટી સંખ્યામાં લોકોએ તેમને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. સદ્‌ગસ્થના મોતથી અમોએ એક મોટા ગજાના અને મોટા મનના કોંગ્રેસી નેતાને ગુમાવ્યાનું ડીસાના કોંગ્રેસના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ પોતાના શોક સંદેશમાં જણાવ્યું હતું.

## અમદાવાદ : ઝાડા-ઉલટી અને કમળાના કેસમાં થયેલો વધારો

અમદાવાદ,તા.૯

શહેરમાં છેલ્લા કેટલાક દીવસોથી તાપમાનમાં સતત વધારો થઈ રહેલો જોવા મળી રહ્યો છે.તાપમાનમાં વધારાની સાથે જ શહેરના અનેક વિસ્તારોમાં પાણીજન્ય રોગના કેસોમાં ચિંતાજનક રીતે વધારો થવા પામેલ છે.શહેરમાં જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ઝાડા-ઉલટીના ૨૭૦૦ કેસ નોંધાવા પામ્યા છે.આ સાથે જ કમળાના પણ ૧૨૦૦ ઉપરાંત કેસ નોંધાવા પામ્યા છે.શહેરના ગોમતીપુર વિસ્તારમાં ચાલુ મહીનામાં કોલેરાનો એક કેસ નોંધાવા પામ્યો છે.આ પાણીજન્ય રોગચાળો પ્રદૂષિત પાણી પીવાના કારણે હોવાનું નિષ્ણાતોનું કહેવું છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગરમીની શરૂઆત અગાઉ હીટવેવ એકશન પ્લાનની સાથે શહેરમાં ઉનાળાની સમગ્ર સિઝન દરમિયાન રોગચાળાની પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવા માટે તંત્ર સજ્જ છે તેવા દાવાઓ કરવામાં આવ્યા હતા.પરંતુ આજની પરિસ્થિતિમાં શહેરમાં અનેક વિસ્તારો એવા છે કે,જ્યાં પાણી પુરતા પ્રેશરથી લોકોને મળતું નથી તો બીજી તરફ યોગ્ય વ્યવસ્થાતંત્રના અભાવે લોકોને અનિચ્છાથી પણ પ્રદૂષિત પાણી પીવા મજબૂર થવું પડી રહ્યું છે.આજ કારણોથી શહેરમાં વિવિધ રોગના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થયેલો જોવા મળી રહ્યો છે.શહેરમાં સાતમી મે સુધીમાં ઝાડા-ઉલટીના-૨૮૯,કમળાના-૬૦,ટાઈફોઈડના-૮૫,અને કોલેરાનો એક કેસ નોંધાવા પામ્યો છે.આ ઉપરાંત મેલેરીયાના ૮૫ કેસ અને ડેન્ગ્યૂના પણ ત્રણ કેસ નોંધાવા પામ્યા છે.મ્યુનિસિપલ તંત્ર તરફથી લોકોને ગરમી સામે એલર્ટના આદેશો જારી કરવામાં આવે છે પરંતુ બીજી તરફ શહેરના વિવિધ વિસ્તારમાં બિન આરોગ્યપ્રદ પરિસ્થિતિમાં વેચાઈ રહેલા બરફના ગોળા,બરફનું છીણ અને મેંગોજ્યુસ સહીતની બનાવટો લોકો ન આરોગે તે માટે હજુ સુધી કોઈ નકકર કાર્યવાહી કરવામાં આવી નથી.

# સોમનાથ મંદિર ૪૦.૨૭૦ કીલોગ્રામ સોનાથી સુવર્ણમંડિત

ગાંધીનગર, તા. ૯

સોમનાથ મંદિર પોતાના વૈભવી ઈતિહાસની દિશા તરફ પ્રયાણ કરી રહ્યું છે. સોમનાથમાં ફરી સુવર્ણયુગનો પ્રારંભ થઈ ચુક્યો છે. દાતાઓના સહયોગથી પ્રતિ વર્ષ મંદિરના ભાગોને સુવર્ણમંડિત કરવામાં આવી રહ્યા છે. જેમાં મંદિરમાં પ્રથમ તબક્કે ગર્ભગૃહનું થાળુ તેમજ આભુષણો, દિવાલો, નાગ વિગેરે સોનાથી સુવર્ણમંડિત થયા હતા. બિજા તબક્કે શિખર, ધ્વજદંડ, ડમરૂ, ત્રિશુળ વિગેરે સોનાથી સુવર્ણમંડિત બન્યા હતા. જ્યારે આ ત્રીજા તબક્કે મંદિરના દ્વારો તેમજ અંદરના ભાગે બાકી રહેલી દિવાલના ભાગો, પીલર્સ, ભગવાનનો મુખો તેમજ આભુષણો ૪૦,૨૭૦ કીલોગ્રામ સોનાથી સુવર્ણમંડિત કરવામાં આવી રહ્યા છે. આ તમામ અંદાજીત ૧૦૦ કિલો જેટલા સોનાનો સંકલ્પ વિસનદાસ હોલારામ લખી પરિવાર દ્વારા કરવામાં આવેલ. તેમજ આ તમામ આભુષણો દિલ્હીના મહાલક્ષ્મી જ્વેલર્સ, દિલ્હી દ્વારા તૈયાર કરવામાં આવેલ. પ્રતિવર્ષ સોમનાથ મંદિરમાં સુવર્ણ અર્પણ કરવાના શ્રદ્ધાભાવ બદલ આ પ્રસંગે સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી સેક્રેટરી પી.કે. લહેરીએ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

આ તબક્કે ૪૦.૨૭૦ કિલો સોનામાંથી બનાવાયેલ આભુષણો તા. ૮ મે ના રોજના રાત્રીના મંદિર બંધ થયા બાદ ૧૦.૦૦ કલાકે સંકલ્પવિધિ પૂજા રાત્રીના યોજાઈ હતી. સંકલ્પ પૂજામાં દિલિપભાઈ લખી તથા ભીખુભાઈ ધામેલીયા તેમજ પરિવારજનો તથા દાતાશ્રીઓના આમંત્રિત મહેમાનો હાજર રહ્યા હતા. ત્યાર બાદ સુવર્ણના દ્વારો તેમજ અન્ય ભાગોમાં સુવર્ણ જેને લગાવવા માટે દિલ્હીના મહાલક્ષ્મી જ્વેલર્સના વિજય આનંદ સહીત તેમની પુરી ટીમ કામે લાગશે. આ પરિવારજનો દ્વારા પ્રાતઃકાળે સુવર્ણની પૂજાવિધિ યોજવામાં આવી હતી. શ્રદ્ધાળુઓ સુવર્ણમય સોમનાથજીના દર્શન કરી સોમનાથ મહાદેવની કૃપા પ્રાપ્ત કરશે.

## શાહીબાગનો સ્માર્ટ મોડલ રોડ ૮ મહિના પછી અધૂરો

અમદાવાદ,તા.૯

શહેરના સ્ટેન્ડિંગ કમિટી જે વોર્ડમાંથી આવે છે તેવા શાહીબાગ વોર્ડમાં રૂપિયા આઠ કરોડના ખર્ચે સ્માર્ટ મોડેલ રોડ બનાવવા માટે આઠ મહીના અગાઉ શરૂ કરવામાં આવેલ કામ આઠ મહીના પછી માત્ર ત્રણ-ત્રણ ફૂટના ખાડા સિવાય આગળ ન વધતા સ્થાનિક રહીશો અને વાહનચાલકો ત્રાહીમામ પોકારી ગયા છે.

## નીટ ફરજીયાત...

● અનુસંધાન પહેલાનું ચાલુ

અંગે સસ્પેન્સ સર્જાયું છે. ૬૨ હજારથી પણ વધુ વિદ્યાર્થીઓની મુશ્કેલી વધશે.

સુપ્રીમે NEET મામલે જણાવ્યું છે કે કેન્દ્ર, સીબીએસસી, એમસીઆઈએ NEET-2ની તારીખો બદલી શકે છે. પરીક્ષા આયોજીત કરવાની તારીખો ફેરબદલ થઈ શકે છે. આર.એમ. લોધાએ બનાવેલી પેનલ NEET મામલાની દેખરેખ રાખશે.

NEET મામલે આવેલા સુપ્રીમના ચુકાદા બાદ રાજ્ય સરકાર દ્વારા સોમવારે સાંજે આરોગ્ય પ્રધાન અને શિક્ષણ પ્રધાન વચ્ચે તાકીદની બેઠક થઈ હતી. સુપ્રીમના ચુકાદાના કાયદાકીય અર્થઘટનને લઈ બેઠક થઈ હતી. પ્રધાન નીતિન પટેલ અને ભૂપેન્દ્ર ચુડાસમા સહિત અધિકારીઓ હાજર હતા. બેઠક બાદ રાજ્યના આરોગ્ય પ્રધાન નિતીન પટેલે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, ગુજરાતમાં આવતીકાલે ગુજકેટની પરીક્ષા યોજાશે. રાજ્ય સરકાર સુપ્રીમ કોર્ટના ચુકાદાનો અભ્યાસ કરી રહી છે. ગુજરાતના વિદ્યાર્થીઓના હિતમાં શક્ય તમામ નિર્ણયો લેવાશે. કાયદાવીદોનો સરકાર અભિપ્રાય લઈ રહી છે.

## ગુજકેટની પરીક્ષા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં ધોરણ ૧૦ અને ૧૨ ની પરિક્ષા લેવામાં આવી હતી. જયારે પરિક્ષાના પરિણામ પણ મેં ના અંત સુધીમાં જાહેર થશે. જયારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આજરોજ ગુજકેટની પરિક્ષા લેવામાં આવશે. બી ગૃપના વિદ્યાર્થીઓ માટે ગુજકેટની પરિક્ષા લેવાશે. જેમાં ગાંધીનગર જિલ્લામાંથી ૩૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરિક્ષામાં બેસશે. જિલ્લામાં ૧૪ સ્થળો પર પરિક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરાશે. ગુજકેટની પરિક્ષા તા ૧૦ મેં ના રોજ ૧૧ થી ૨ કલાક દરમિયાન યોજાશે. પરિક્ષા ઓ એમ આર પધ્ધતિથી યોજાશે.પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પણ પુરતી સાવચેતી રાખવામાં આવશે. બી ગૃપના અલબત્ત મેડીકલ ક્ષેત્રે આગળ અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે આ પરિક્ષા મહત્વની હોવાથી વિદ્યાર્થીઓમાં પણ પરિક્ષાલક્ષી ઉત્તેજના પ્રવર્તી છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષા ગત માર્ચ મહીનામાં લેવાઇ હતી. જયારે મેં મહીનાના અંતમાં બોર્ડની પરિક્ષાનુ પરિણામ જાહેર થવાનુ છે. ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ પરિણામલક્ષી ઉત્સુકતા વધી છે.

## શક્તિ પરિક્ષણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને અમિત સિબ્બલ તરફથી દલીલો કરી હતી જ્યારે સીએ સુંદરમ અને દિનેશ દ્વિવેદીએ બળવાખોર ધારાસભ્યોનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. હરિશ રાવત આવતીકાલે વિશ્વાસમત મેળવનાર છે. સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડ હાઈકોર્ટના આજે સવારના ચુકાદાને યોગ્ય ઠેરવ્યો હતો. અસંતુષ્ટ ધારાસભ્યોએ તેમની અરજીને ઉત્તરાખંડ હાઈકોર્ટે ફગાવી દીધા બાદ તરત જ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી કરી હતી પરંતુ સુપ્રીમમાં પણ તેમને રાહત મળી ન હતી અને તેમની અરજી ફગાવી દેવાઈ હતી.

## કોટક મહિન્દ્રા બેન્કે ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ બેન્કિંગ યુનિટ લોન્ચ કર્યું

### આઈબીયુ ભારતીય કોર્પોરેટ્સની વિદેશોમાં ભંડોફની જરૂરિયાતોને પૂર્ણ કરશે

કોટક મહિન્દ્રા બેન્ક (કેએમબી)એ ગાંધીનગરમાં ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી) ખાતે પોતાના ઈન્ટરનેશનલ બેન્કિંગ યુનિટ (આઈબીયુ) લોન્ચ કરવાની જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે ૧લી એપ્રિલ, ૨૦૧૫ના રોજ આઈએનજી વૈશ્ય બેન્કના કેએમબી સાથે મર્જરથી ભારતમાં કેએમબીના નેટવર્ક અને એસેટમાં નોંધપાત્ર વધારો થયો છે અને કેએમબીએ દેશની ચોથા ક્રમની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની બેન્ક તરીકે પોતાની સ્થિતિ વધુ મજબૂત બનાવી છે. આઈબીયુના લોન્ચ સાથે કેએમબીની કોર્પોરેટ્સને વિદેશી ચલણમાં લોન અને ડિપોઝિટ ઓફર કરવાની ક્ષમતાઓને બફ મફશે.

આ પ્રસંગે કોટક મહિન્દ્રા બેન્કના ઈન્સ્ટિટ્યુશનલ એન્ડ ઈનવેસ્ટમેન્ટ બેન્કિંગના કોર્પોરેટ પ્રેસિડેન્ટ શ્રી કે વી એસ મનીયને જણાવ્યું હતું કે, ''ભારતના કોર્પોરેટ્સે પોતાના કારોબારને વિશ્વના અલગ-અલગ દેશોમાં ઝડપથી વિસ્તાર્યા છે અને તેના પરિણામે વિદેશી માર્કેટ્સમાં ફાયનાન્સિયલ પ્રોડક્ટ્સ અને સર્વિસિસની જરૂરિયાતોમાં નોંધપાત્ર વધારો થયો છે. ગિફ્ટ સિટી ખાતે અમારા આઈબીયુ મારફતે આ વધતી માગને પૂર્ણ કરશે. અમે એક્સટર્નલ કમર્શિયલ બોરોઈંગ્સ (ઈસીબી), આયાત માટે બાયર્સ ક્રેડિટ તથા આંતરરાષ્ટ્રીય માર્કેટ્સમાં ભારતીય કોર્પોરેટ્સ માટે ફેક્ટરિંગ – ફોરફિટિંગ ઓફ એક્સપોર્ટ રિસિવેલબ્સ સહિતની વિવિધ પ્રોડક્ટ્સ અને સર્વિસિસ ઓફર કરીશું.''

વિદેશોમાં રજીસ્ટર્ડ ભારતીય કોર્પોરેટ્સમાં સંપૂર્ણ માલીકીની પેટા કંપનીઓ (ડબલ્યુઓએસ) તથા સંયુક્ત સાહસો સહિતની કંપનીઓ પણ કેએમબી પાસેથી લોન અને વર્કિંગ કેપિટલ લોન મેફવી શકશે. કેએમબી વિદેશી કોર્પોરેટ જૂથો પાસેથી ડિપોઝિટો પણ સ્વિકારશે.

## અજવાળું અજવાળું

● ૪ પાનાનું ચાલુ...

પૂ. ભાઈશ્રી આવી ઉદાર-પ્રેરક વાણી સાંભળીને કેટલાયે શ્રોતાઓના કાનની બંધ રાખેલી એકાદ બારી ઉઘડી હશે.

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા યોજાયેલા રાષ્ટ્રીય પુસ્તક મેળાની એ સાંજ, શાયરોની શાયરી અને ભાઈશ્રીના ભગવત ગીતા વિશેના વિચારોને કારણે સાબરમતીના ખળખળ વહેતા જળના જેવી જ સત્સંગની - શબ્દની સરવાણી થઈ.

ભગવદગીતા હજારો વર્ષોથી એના લાખ્ખો વાચકોને જીવનમાં માર્ગદર્શન આપતો આવેલો ગ્રંથ છે. ગીતાનું સર્જન થયું છે પ્રશ્ન-ઉત્તર રુપે યુદ્ધના મેદાનમાં પરંતુ ગૃહસ્થ હોય કે સાધુ, જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ઉભા થતા પ્રશ્નોના જવાબ ભગવદ્‌ગીતાના શ્લોકોમાં પડેલાં છે.

ગીતાના પ્રથમ શ્લોકમાં પ્રથમ શબ્દ કર્મક્ષેત્ર છે અને છેલ્લા શબ્દોમાં કહેવાયું 'કરિષ્યે વચનં તવ' અર્થાત્ તમે કહેશો તેમ કહીશ.

શરણાગત ભાવ - ભક્તિ-યોગ-અને જ્ઞાનનો સમન્વય છે. ભગવદ ગીતામાં ગીતાના ગાનાર શ્રીકૃષ્ણ નિરાશવાદી નથી પરંતુ કર્તવ્યવાદી છે. કેટકેટલાય સંપ્રદાયોએ ગીતાનું દોહન કરી પોતાની સિદ્ધાંતોનું સંવર્ધન કર્યું છે. છતાં મુદ્દાની વાત એ છે કે ગીતા કયારેક સાંપ્રદાયિક સ્વરુપે બહાર નથી આવી.

ભગવદ્‌ગીતાના ગ્રંથને સમજવાની મજા ત્યારે જ આવે છે જ્યારે કોઈના અભિપ્રાય પર ચાલીને નહિ પરંતુ વ્યક્તિગત સમજ પ્રમાણે એના શ્લોકોને સમજવાનો પ્રયત્ન થાય અને આવું થાય ત્યારે વ્યક્તિના જીવનમાં અજવાળું રેલાય છે.

## ક્ષળનાં ચણીબોર

● ૪ પાનાનું ચાલુ...

કનુભાઈના પ્રિય બંધુ અમુભાઈએ અંતરના ભાવથી અનુભવ્યું તથા લખ્યું છે કે નિઃસ્વાર્થ સેવાના ઉચ્ચ ધોરણો જાહેર જીવનમાં સ્થાપીને કનુભાઈ ભાવી પેઢીઓને દરેક સમયે ઉપયોગી થઈ શકે તેવું માર્ગદર્શન આપી ગયા છે. સમગ્ર સમાજે ઉમંગ તથા ઉત્સાહથી કનુભાઈ લહેરીનો અમુત મહોત્સવ ઉજવ્યો તે પ્રસંગે ગુણવંતભાઈ પંડ્યા (પથિક) એ લખેલા શબ્દો વિસરી શકાય તેવા નથી.

લોકસેવા કાર્યમાં અવિરત જે ઝૂઝતા રહ્યા  
લક્ષ્મી અને સત્તા થકી દૂર જે ફરતા રહ્યા  
જીવે ઘણું તંદુરસ્તીમાં ઈશ્વર  
કૃપાની લહેરમાં  
લહેરી છે એ લહેરી રહે રાખે  
સહુને લહેરમાં.

**Change in Name**

My old name was :
MITAL POPATBHAI PARMAR
New Name is :
MITTALBEN POPATLAL PARMAR
Address : 159/2, 'CH' Type, Sector-17, Gandhinagar

## પાવર ઓફ એર્ટર્ની રદની જાહેર નોટીસ

અમો નીચે સહી કરનાર સૂરજજી ઉર્ફે ભાથીજી ચૂનાજી ઠાકોર તથા જશોદાબેન તે મનુજી બાવાજીની પત્ની અને ચૂનાજી ધુળાજીની દીકરી બંને રહે. ધોળાકુવા, તા.જી. ગાંધીનગરના તે તમો ગોવિંદભાઈ બબાભાઈ દેસાઈ, રહે. રબારીવાસ, કાળીગામ, તા. સીટી, જી. અમદાવાદનાઓને તથા જાહેર જનતાને આ પાવર ઓફ એર્ટર્ની રદ કરતી નોટીસ આપી જણાવીએ છીએ કે...

અમોએ ગોવિંદભાઈ બબાભાઈ દેસાઈનાઓને અમારી મોજે ધોળાકુવા, તા.જી. ગાંધીનગરના સીમમાં આવેલ સર્વે નં. ૨૨ જેનું ક્ષેત્રફળ ૧-૮-૨૫ વાળી જમીન અંગે કોર્ટ કાર્યવાહી લડવા માટે જે જનરલ પાવર આપેલ છે જે અનુસંધાને ગાંધીનગરના પ્રિન્સીપાલ સીવીલ જજ એસ.ડી. સાહેબની કોર્ટમાં સ્પે. દી.મુ. નં. ૯/૨૦૧૨ મનસુરી રસુલભાઈ કાસમભાઈ મનસુરી વિગેરેનાઓએ, રહે. ઈન્દ્રોડાઓની સામે દાવો દાખલ કરેલો જે દાવાના કામે અમારો કુલમુખત્યારમાં ભરોસો જ રહ્યો નથી. જેથી આ નોટીસથી આ પાવર ઓફ એર્ટર્ની રદ કરીએ છીએ. તમો ગોવિંદભાઈ બબાભાઈ દેસાને કરી આપેલ જનરલ પાવર ઓફ એર્ટર્નીના તમામ પાવર પરત ખેંચીએ છીએ જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખ : ૯/૫/૨૦૧૬  
સ્થળ : ગાંધીનગર

સહી/-  
(૧) સૂરજજી ઉર્ફે ભાથીજી ચૂનાજી ઠાકોર  
સહી/-  
(૨) જશોદાબેન તે મનુજી બાવાજીની પત્ની અને ચૂનાજી ધુળાજીની દીકરી